# સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે યુવાઓ સંકલ્પબદ્ધ બને : કોવિંદ

## ગાંધીનગર ખાતે ગુજરાત કેન્દ્રિય વિશ્વ વિદ્યાલયનો તૃતીય પદવીદાન સમારોહ માં રાષ્ટ્રપતિનું પ્રેરક ઉદ્દબોધન : શિક્ષણ થકી જ યુવાઓને આત્મનિર્ભર બની આત્મનિર્ભર ભારતના નિર્માણ : માટે સંકલ્પબદ્ધ બનવા રાષ્ટ્રપતિશ્રીનો અનુરોધ






ગાંધીનગર, તા.૨૩

આજે ગાંધીનગર ખાતે ગુજરાત કેન્દ્રિય વિશ્વ વિધાલયના તૃતીય પદવીદાન સમારોહમાં પદવી એનાયત કરતાં રાષ્ટ્રપતિશ્રીએ કહ્યુ કે, પ્રાચીન કાળમાં નાલંદા, તક્ષશિલા અને વિક્રમશિલા કક્ષાના વિશ્વ વિદ્યાલયો જે ગુજરાતની વલ્લભી વિદ્યાપીઠને તોલે આવે તેવા હતા. તત્કાલિન સમયે શિક્ષણ સાથે સમાજ ઉત્થાન માટે જે પ્રયાસો થયા છે એ આજે પણ ગુજરાતમાં થઈ રહ્યા છે જે અભિનંદનને પાત્ર છે.

શ્રી કોવિંદે ઉમેર્યુ કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિ એવી ગુજરાતની પવિત્ર ભૂમિ પરથી જ રાષ્ટ્ર નિર્માણનો પાયો નંખાયો હતો. આ ભૂમિ એ જ બે મહાન વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ અને શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વરૂપે દેશને આપ્યા છે. આ બંનેની સાથે મને કામ કરવાની તક મળી તે બદલ તેમણે પોતાને ગૌરવશાળી માન્યા હતા.તેમણે કહ્યુ કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે જે નવા આયામો હાથ ધર્યા તેના પરિણામ સ્વરૂપ આજે ગુજરાતમાં અનેક રાષ્ટ્રીય સ્તરના સંસ્થાનો છે. ગુજરાતની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં વિવિધ રાજ્યોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેનાથી લઘુ ભારત અને વિવિધતામાં એક્તાનો ભાવ રજૂ થાય છે.

તેમણે ઉમેર્યુ કે, વર્ષ ૨૦૦૯માં આ વિશ્વ વિદ્યાલયની સ્થાપના થઈ. જેમાં ૩૦ રાજ્યોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જે રાષ્ટ્રિય એક્તાના પ્રતીક સમાન છે. આ વિદ્યાલયે મહિલા સશક્તિકરણનું ઉમદા ઉદાહરણ પૂરુ પાડ્યુ છે કેમ કે પદવી મેળવનાર વિદ્યાર્થીઓમાં ૫૫ ટકા દિકરીઓએ પદવી મેળવી છે અને ૨૧ પદકો પૈકી ૧૩ પદકો પણ દિકરીઓએ મેળવ્યા છે. તેમણે કહ્યુ કે દિકરીઓ આજે અનેક ક્ષેત્રોમાં આગળ વધી રહી છે ત્યારે સમાજ પરિવર્તનમાં નયા ભારતની પ્રતિકૃતિ દેખાય છે.

ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના ત્રીજા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ડો. રમેશ પોખરીયાલ - નિશંકે આજે દીક્ષા લઈ રહેલા તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ આપતા જણાવ્યું હતું કે દિક્ષાર્થીઓ માટે આજનો દિવસ પોતાનું ક્ષેત્ર અને લક્ષ્ય પસંદ કરી પોતાની કારકિર્દી નિર્માણ તથા રાષ્ટ્રનિર્માણની દિશામાં નક્કર પગલું આગળ ભરવાનો દિવસ છે.

ગુજરાત એ જ રાજ્ય છે જ્યાંથી હડપ્પીય સંસ્કૃતિના અવશેષો મળ્યા છે એટલું જ નહીં, વૈદિક સંસ્કૃતિના વાહક સ્વામી દયાનંદ સરસ્વતી, પૂજ્ય ગાંધીજી અને એકતાના પ્રતિક સમા સરદાર વલ્લભભાઈ પટેલ સહિતના અનેક સપૂતો આ પવિત્ર ભૂમિ સાથે સંકળાયેલા છે. તે ઉપરાંત દેશને વિકાસની એક નવી દિશાઓ ચિંધનાર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પણ જન્મભૂમિ ગુજરાત છે. ગુજરાતમાં સ્થિત આ વિશ્વવિદ્યાલયમાંથી દીક્ષા લઈને બહાર જઈ રહેલા તમામ દિક્ષાર્થીઓ ગુજરાતનું ગૌરવ ચોક્કસપણે વધારશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી શ્રી પોખરિયલે દીક્ષાર્થીઓને પૂજ્ય સ્વામી વિવેકાનંદના સુત્ર થકી ધ્યેય પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ન થોભવા આહ્વાન કર્યું હતું. આ વિશ્વવિદ્યાલય રાષ્ટ્ર નિર્માણની પ્રયોગશાળા બનશે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

“નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના પ્રણેતા ડો.રમેશ પોખરીયાલે શિક્ષણની આ નવી નીતિના ઘડતરમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદનું સતત માર્ગદર્શન મળ્યું હોવાનું કહીને આ નીતિ નવી પેઢીને નવી ઊંચાઈ સુધી લઈ જશે અને રાષ્ટ્ર નિર્માણ માટે મહત્વનું યોગદાન આપશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# આપ-એઆઈએમઆઈએમ કોંગ્રેસને નડ્યા, ભાજપને ફળ્યા

### એઆઈએમઆઈએમ અને આપ અમદાવાદમાં એકેય બેઠક જીતી નથી શક્યા, કોંગ્રેસને પણ જોરદાર નુકસાન

અમદાવાદ, તા. ૨૩

રાજ્યમાં ૨૦૨૨માં યોજાનારી વિધાનસભા ચૂંટણીની સેમિફાઈનલ મનાતી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પહેલા તબક્કાના પરિણામ લગભગ જાહેર થઈ ચૂક્યા છે. જેમાં છ મહાનગરોમાં ફરી ભગવો લહેરાવાનો છે તે સ્પષ્ટ થઈ ચૂક્યું છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગરમાં રવિવારે થયેલી ચૂંટણીમાં આ વખતે માત્ર ભાજપ અને કોંગ્રેસ જ નહીં પરંતુ આમ આદમી પાર્ટી અને એઆઈએમઆઈએમ પણ મેદાનમાં હતાં.

પહેલીવાર રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં થયેલા ચતુષ્કોણિય જંગમાં નવી બે પાર્ટીઓ આપ અને એઆઈએમઆઈએમના આગમનનો કોને ફાયદો થશે, અને કોને નુક્સાન થશે તેની ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી. વળી, મતદાન ધાર્યા કરતાં ઘણું ઓછું થવાના

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કોરોનાના ૭ કેસ

### ગાંધીનગર તાલુકાના વાવોલ અને ગિફ્ટસીટીમાંથી કેસ મળ્યા : શહેરના સે. ૨, ૩, ૫ અને ઈન્ફોસીટી વિસ્તારમાંથી કેસ મળ્યા : ૧૦ ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ૭ કેસ નોંધાયા છે. શહેરમાં ૪ કેસ અને ગ્રામ્યવિસ્તારમાં ૩ કેસ નોંધાયા છે. જિલ્લામાં કેસોની સંખ્યામાં સતત વધ-ઘટને પગલે તંત્રની ચિંતાઓ વધી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. ગ્રામ્યવિસ્તારમાં નોંધાયેલા ૩ કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૩ કેસમાં વાવોલ ગામેથી એક કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત બે કેસ ગિફટસીટીમાંથી મળી આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૦૮૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૦ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૬૫૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૪ કેસ નોંધાયા છે. આ ૪ કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં નોંધાયેલા ૪ એ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે સે. ૨, ૩, ૫ અને ઈન્ફોસીટી વિસ્તારમાંથી કેસો મળી આવેલ છે. આજે નોંધાયેલા ૪ કેસમાં બે કેસ વિદ્યાર્થીના છે તો એક પી.ડી.પી.યુ.ના કર્મયોગીની છે.

શહેરમાં કેસોની સંખ્યા ઘટી છે પણ કોરોના માટે સંવેદનશીલ બનેલ સેક્ટરો અને વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૯૮ ટકા નોંધાયો હોવાનો તંત્રના સૂત્રોનો દાવો છે.

# મનપાના ચુનંદા કાર્યકરોની ફોજ હવે જિલ્લા-તાલુકાના જંગમાં જોતરાશે

### મતદાન વધે તેમજ બુથ મેનેજમેન્ટની જવાબદારી આ કાર્યકરોને સોંપાશે : મનપાના પરિણામોની અસરો નહિવત્ જોવા મળે તેવી શંકા

ગાંધીનગર, તા. ૨૩

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાનનો દિવસ જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ જાહેર પ્રચાર અભિયાન તથા બુથ મેનેજમેન્ટને લઈ રાજકીય પક્ષોના કાર્યકરો વધુ સક્રિય

**ચૂંટણીના ઢોલ ઢબુક્યા**



બન્યા છે.

જિલ્લામાં ભાજપના અને કોંગ્રેસના આગેવાનોની દોડધામ વધી જવા પામી છે. આ ઉપરાંત અન્ય પક્ષોના ઉમેદવારો દ્વારા પણ પ્રચાર અભિયાન જે રીતે વેગીલુ બનાવવામાં આવ્યુ છે તેને લઈ મુખ્ય સ્પર્ધક પક્ષોમાં થોડીક ચિંતા જરૂર જોવા મળી રહી છે.

બન્ને મુખ્ય પક્ષોના ઉમેદવારો દ્વારા હાલ તેમની બેઠકના મોટા ગામોમાં ડોર ટુ ડોર પ્રચાર અભિયાન તેમજ ગૃપ બેઠકો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે.

જિલ્લામાં પ્રચાર અભિયાને ઉત્તેજનાઓ જરૂર જગાવી છે. ડિનર ડિપ્લોમસી, ટી ડિપ્લોમસી તેમજ નાસ્તાની ડિપ્લોમસીએ આ વખતે સારૂ આકર્ષણ જમાવ્યુ છે. ડેમેજ કંટ્રોલ માટે આ ત્રણેય ડિપ્લોમસી બન્ને મુખ્ય પક્ષોના આગેવાનોએ હાથ ધરી અને મિત્ર મંડળની રાજનીતિને પૂરક બળ પુરૂ પાડ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે શહેરી મતદાન અને પરિણામો પછી ભાજપે તેના પ્રચાર અભિયાનને આક્રમક બનાવવા માટે અમદાવાદ શહેરના ચુનંદા કાર્યકરોને ૧૨ થી વધુ બેઠકોની જવાબદારી સોંપવાનો નિર્ણય કર્યો છે. આ કાર્યકરો આક્રમક મતદાનની વિશેષ જવાબદારી સાથે આ બેઠકો પર રાજનીતિ કરશે.

કોંગ્રેસ પણ તેના કેટલાક કાર્યકરોને આ જવાબદારી સોંપવા જઈ રહી છે. જો કે પ્રદેશ કોંગ્રેસના આગેવાનો પણ એકાદ દિવસમાં જિલ્લાનો સઘન પ્રવાસ કરી કાર્યકરોમાં જોમ અને જુસ્સાને વધારવાના મૂડમાં છે.

મહાનગરોના પરિણામોની અસર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના બીજા તબક્કાના મતદાન પર પડશે કે કેમ તેને લઈ પણ જિલ્લાના રાજકારણમાં એક નવી ચર્ચા શરૂ થઈ છે. જો કે આ પરિણામોની અસર ધાર્યા મુજબ નહિ થાય પરંતુ મતદાન વધારવામાં જરૂર ફાયદો કરાવશે તેવો મત રાજકીય વર્તુળોમાં વ્યક્ત થઈ રહ્યો છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને મહાનગરોની ચૂંટણી એ અલગ જ છે. મહાનગરોના પ્રશ્નો અને રાજનીતિ અલગ પ્રકારની છે. જ્યારે સ્થાનિક પ્રશ્નોને લઈ સ્થાનિક સ્વરાજ્યની રાજનીતિ લડાતી અને ઘડાતી હોય છે.

# ઈટાદરા બેઠક પર બે શિક્ષક પત્નીઓનો જંગ રોચક અને પ્રતિષ્ઠાનો બન્યો છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની ઈટાદરા બેઠક પર બે શિક્ષકોની પત્નીઓ વચ્ચેનો જંગ રોચક અને પ્રતિષ્ઠાનો જંગ બન્યો છે.

આ સીટના ઉમેદવાર તરીકે



ભાજપાના ઉમેદવાર તરીકે શિલ્પાબેન જયેશભાઈ પટેલની પસંદગી કરાઈ છે તો કોંગ્રેસના ઉમેદવાર તરીકે કોકિલાબેન જયંતિલાલ પટેલની પસંદગી કરવામાં આવી છે. જયેશભાઈ પટેલ અમદાવાદની નૂતન ફેલોશીપ હાઈસ્કૂલમાં ફરજો બજાવે છે જ્યારે જયંતિભાઈ પટેલ નિવૃત્ત શિક્ષક છે.

જયંતિભાઈએ શિક્ષકોના પ્રશ્નો માટે સતત લડતા આવ્યા છે. કુશળ સંગઠક પણ છે તેમજ સહકારી ક્ષેત્રમાં પણ તેઓ સક્રિય છે. જયેશભાઈ પટેલ તેમના ઉમદા અને સાલસ સ્વભાવથી સમગ્ર વિસ્તારમાં એક આગવી ઓળખ ધરાવે છે. બન્ને શિક્ષકોએ



હાલ તો પ્રચાર-અભિયાનની સંપૂર્ણ જવાબદારી ઉપાડી છે.

આ બેઠક પર પ્રચાર અભિયાનની જવાબદારી સંભાળતા જયેશભાઈએ જણાવ્યુ હતુ કે સામાજિક સમરસતાને અમે આગળ કરી અને વિકાસને લોકો સુધી પહોંચાડવા માંગીએ છીએ. તેમણે કહ્યુ હતુ કે અમે અહિ સૌને સાથે રાખી આગળ વધી રહ્યા છીએ એટલે અમને સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

કૃષિક્ષેત્રે પ્રયોગશીલ ખેડૂત તરીકે તાલુકાની આગવી ઓળખ છે. અમે પ્રચારમાં ખેડૂતો માટેની સૂર્યોદય યોજના, કિસાન સન્માન નિધિ તેમજ સોઈલ ટેસ્ટના સરકારના અભિગમની વાતો કરીએ છીએ. આત્મનિર્ભર ગુજરાત યોજના જાહેર કરનાર એક માત્ર ગુજરાત રાજ્ય છે તે વાત પણ લોકોને કહીએ છીએ.

ગ્રામોત્થાન માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે કરેલા નિર્ણયોની જાણ પણ લોકોને કરી વિકાસને વેગીલો બનાવવા અમારા પક્ષની તરફેણમાં મતદાન કરો તે અમારા પ્રચારનું જમા પાસુ છે.

તો નિવૃત્ત શિક્ષક જયંતિભાઈ પટેલે કહ્યું કે ઈટાદરાનો પંથક એ પરિશ્રમની ભૂમિ છે. અહિ ખેતી અને પશુપાલન પણ વિકસ્યા છે. આ પંથકના પ્રશ્નો ઉકેલવામાં ભાજપ નિષ્ફળ રહ્યુ છે.

પાણીની સમસ્યા હોય કે વરસાદી પાણીના નિકાલનો મુદ્દો હોય ભાજપે આ વિસ્તારમાં આને લઈ કોઈ જ કામ કર્યુ નથી.

● અનુસંધાન પાન-૭ પર

# ચ-૫ પ્રેરણા સર્કલે આકર્ષણ ગુમાવ્યુ તુટેલી ફેન્સીંગ પણ જોખમી હાલતમાં

### એક જમાનામાં રંગબેરંગી ફુવારા વચ્ચે રાત્રિના સમયે નયનરમ્ય ભાસતા સર્કલમાં હાલ નામ સિવાય કશુ જ આકર્ષક રહ્યુ નથી




ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર સર્કલોની નગરી તરીકેની આગવી ઓળખ પણ ધરાવે છે. નગરના ઘ અને ચ માર્ગ પરના સર્કલોની જાળવણી પણ છેલ્લા ઘણાં સમયથી થતી નથી જયારે આ માટે જવાબદાર સંસ્થાઓ પણ સમયાંતરે સર્કલોની દરકાર લેવાનુ ભુલી ગઈ છે. નગરના ચ માર્ગ પર સ્થિત ચ-૫નુ પ્રેરણા સર્કલ હાલ ખંડેર હાલતમાં છે. સર્કલ ફરતેની ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં છે. જયારે દરવાજો પણ તુટીને પડયો છે. સર્કલ ફરતેના પેવર બ્લોક પણ કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. સર્કલ ફરતેના કર્બિંગનો કલર પણ ઉડી ગયો છે. શહેરમાં કરોડોના ખર્ચે બનતા માર્ગો, ફુટપાથ , અને સર્કલોની યોગ્ય જાળવણી તરફ યોગ્ય ધ્યાન આપવામાં આવતુ નથી. નગરના માર્ગો તેમજ સર્કલોના સોહામણા નામો આપી દેવાયા છે. પરંતુ જાળવણીના અભાવે આ સર્કલો પણ હવે

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com